એકમ 9

# બજારના પ્રકારો - 2

## : રૂપરેખા :

9.0 ઉદ્દેશો
9.1 પ્રસ્તાવના
9.2 ઈજારાયુક્ત હરિફાઈ
9.3 ઈજારાયુક્ત હરિફાઈના લક્ષણો
    9.3.1 વસ્તુ વિકલન
    9.3.2 પેઢીની સંખ્યા
    9.3.3 વિક્રેતાઓની કિંમત પર કાબૂ
    9.3.4 વેચાણ ખર્ચ
9.4 સારાંશ
9.5 અલ્પહસ્તક ઈજારો અને અર્થ
9.6 અલ્પહસ્તક ઈજારાના લક્ષણો
    9.6.1 પેઢીઓની અલ્પ સંખ્યા
    9.6.2 પરસ્પરાવલંબન
    9.6.3 વેચાણ ખર્ચની અગત્યતા
    9.6.4 માંગરેખા અનિર્ણિત
    9.6.5 સંઘર્ષ અને સહકાર
    9.6.6 ભાવજડતા
9.7 સારાંશ
9.8 દ્વિહસ્તક ઈજારો
    9.8.1 દ્વિહસ્તક ઈજારાની ધારણાઓ
    9.8.2 સારાંશ
9.9 શબ્દાવલી
9.10 તમારી પ્રગતિ ચકાસો
9.11 સંદર્ભ

## 9.0 ઉદ્દેશો

આ એકમના અભ્યાસ પછી, નીચેની બાબતોમાં તમારી બૌદ્ધિક ક્ષમતા કેળવાશે -

- ઈજારાયુક્ત હરીફાઈના ખ્યાલથી માહિતગાર થવું.
- ઈજારાયુક્ત પરંતુ હરીફાઈ ધરાવતા બજારમાં વસ્તુ વિકલન અને વસ્તુ ભિન્નતાનું મહત્ત્વ
- ઈજારાયુક્ત હરીફાઈમાં જાહેર ખબરનું મહત્ત્વ સ્પષ્ટ કરવું.
- અલ્પહસ્તક ઈજારાની લાક્ષણિકતાનું વિવરણ કરવું.
- દ્વિહસ્તક ઈજારાના ખ્યાલની જાણકારી આપવી.

- ઉત્પાદનની બાબતમાં પૂર્ણ હરીફાઈ અને ઇજારાયુક્ત હરીફાઈ વચ્ચેનો તફાવત સ્પષ્ટ થશે.

## 9.1 પ્રસ્તાવના

પૂર્ણ હરીફાઈ અને ઇજારો આ બન્ને એકબીજાથી તદ્દન ભિન્ન અને પરસ્પર વિરોધી સંજોગોનું પ્રતિનિધિત્વ કરે છે. પૂર્ણ હરીફાઈવાળા બજારમાં સમાનગુણી વસ્તુનું ઉત્પાદન કરનારા ઘણાં એકમો હોય છે. પ્રો. માર્શલ અને તેમના કેટલાક અનુયાયીઓ પૂર્ણ હરીફાઈના આધારે કિંમત નિર્ધારણની પ્રક્રિયા સમજાવતા હતા. ઇજારાવાળા બજારમાં એક જ પ્રકારની વસ્તુનું ઉત્પાદન અને તેનું વેચાણ કરનાર એક જ હોય છે. આધુનિક સમયમાં અર્થતંત્રમાં પૂર્ણ હરીફાઈ કે ઇજારાની સ્થિતિ જોવા મળતી નથી. ઇજારાયુક્ત હરીફાઈમાં વેચનારાઓની સંખ્યા વધારે હોવા છતાં વસ્તુવિભિન્નતાને કારણે તે કેટલેક અંશે વાસ્તવિક બજાર લાગે છે.

આધુનિક સમયમાં, વાસ્તવિક જગતમાં પેઢી દ્વારા વેચાતી વસ્તુની નજીકની અવેજીની વસ્તુ બજારમાં પ્રાપ્ત હોતી નથી. આવી પરિસ્થિતિને અપૂર્ણ ઇજારા તરીકે ઓળખવામાં આવે છે. હાલના સમયમાં હરીફાઈ અને ઇજારાના તત્ત્વનું મિશ્રણ જોવા મળે છે. તેમજ હરીફાઈ અને ઇજારો બંને પૂર્ણ નથી. આ વિશિષ્ટતાને એ પ્રમાણે કહી શકાય કે વિશ્વમાં ન તો શુદ્ધ હરીફાઈ કે ન તો શુદ્ધ ઇજારો જોવા મળે છે. ઇજારાયુક્ત હરીફાઈમાં હરીફાઈ અને ઇજારાના તત્ત્વોનું સંમિશ્રણ જોવા મળે છે. ઇંગ્લેન્ડના અર્થશાસ્ત્રી, શ્રીમતી જોન રોબિન્શન એ ૧૯૩૩માં તેમના પુસ્તક 'The Economics of Competiotion' માં સૌ પ્રથમ 'અપૂર્ણ હરીફાઈ'ની ચર્ચા કરી હતી.

આગળના પ્રકરણમાં-૮માં આપણે બજારનો અર્થ અને તેના પ્રકારો ઉપરાંત હરીફાઈના આધારે પ્રકારો પૈકી પૂર્ણ હરીફાઈ અને ઇજારાનો અર્થ અને તેના લક્ષણોનો અભ્યાસ કર્યો. હવે આ પ્રકરણમાં આપણે બજારના બાકી પ્રકારો પૈકી ઇજારાયુક્ત હરીફાઈ, અલ્પહસ્તક ઇજારો અને દ્વિહસ્તક ઇજારાનો અર્થ અને તેના લક્ષણોની ટૂંકમાં માહિતી મેળવીશું.

## 9.2 ઇજારાયુક્ત હરિફાઈ

આપણે પ્રકરણ-૮માં 8.6 ઇજારાના હેડીંગ હેઠળ આપણે જોયું કે શુદ્ધ ઇજારામાં એક જ પેઢીનો પુરવઠા ઉપર કાબૂ હોય છે અને નજીકની અવેજીની વસ્તુનો અભાવ જોવા મળે છે. વાસ્તવમાં આ પ્રકારના બજારો ખુબ જ ઓછા કે જવ્વલે જ જોવા મળશે, સામાન્ય રીતે ઉત્પાદક પેઢીની અવેજીમાં કોઇક વસ્તુનું ઉત્પાદન થતું હોય છે. એટલે કે દૂરની અવેજી ચીજ વસ્તુનું ઉત્પાદન થતું હોય છે અને તે વસ્તુ પેઢીઓ વેચે છે. આથી આ પ્રકારની નજીકની વસ્તુની વસ્તુઓની અવેજી વસ્તુનું ઉત્પાદન કરતી પેઢીઓ વચ્ચે હરીફાઇ થતી હોય છે. પરિણામે શુદ્ધ ઇજારો ક્યાંય જોવા મળતો નથી. તેવી જ રીતે પૂર્ણ સ્પર્ધા પણ ક્યાંય જોવા મળતી નથી. આપણે રોજિંદા વપરાશના ઉપયોગમાં લેવામાં આવતી ચીજ વસ્તુઓ જેમ કે, ટૂથ પેસ્ટ, સાબુ, મોબાઇલ ફોન, વગેરેના વેચાણમાં કેટલેક અંશે ઇજારો તો કેટલેક અંશે વસ્તુના વેચાણમાં વેચનારા વચ્ચે હરીફાઇ જોવા મળતી હોય છે.

પ્રો. ચેમ્બર્લીનના મતે, 'ઇજારાયુક્ત હરીફાઈ' ની સ્થિતિ વાસ્તવિક જગતમાં જોવા મળે છે. આ પરિસ્થિતિનું મૂળ કારણ 'વસ્તુની વિભિન્નતા' છે. પેદાશનું વિકલન અથવા વસ્તુનું વિકલન અથવા વિભિન્નતા એ ઇજારાયુક્ત હરીફાઈનું મહત્ત્વનું અંગ છે. આથી આમ કહી શકાય કે, સંપૂર્ણ અવેજીની નહિ પરંતુ, નજીકની અવેજીની વસ્તુનું ઉત્પાદન કરતાં ઉત્પાદકોના સમૂહમાં પ્રવર્તતી હરીફાઇ એટલે ઇજારાયુક્ત હરીફાઇ.

## 9.3 ઇજારાયુક્ત હરિફાઈના લક્ષણો

ચેમ્બર્લીન તથા જોન રોબિન્સનના મતે, વાસ્તવમાં શુદ્ધ હરીફાઇ કે શુદ્ધ પ્રકારનો ઇજારો જોવા મળતો નથી. ઇજારાયુક્ત હરીફાઇમાં નીચે મુજબના લક્ષણો જોવા મળે છે.

### 9.3.1 વસ્તુ વિકલન

પૂર્ણ હરીફાઇમાં પેઢીઓ દ્વારા વેચવામાં આવતી વસ્તુઓ સમાનગુણી હોય છે. ઇજારાયુક્ત

હરીફાઇમાં પેઢીઓ દ્વારા ઉત્પન્ન કરાતી વસ્તુઓમાં વિભિન્નતા જોવા મળે છે. ગ્રાહક જ્યારે કોઇ એક વસ્તુ ખરીદવા જાય છે ત્યારે તેની સામે પસંદગીનો પ્રશ્ન ઉદ્‌ભવે છે. કારણ કે બજારમાં વસ્તુઓ અનેકવિધ પ્રકારની જોવા મળે છે. જેમ કે તમારે સાબુ પસંદ કરવો હોય તો લક્સ, સંતુર, ડવ વગેરે. ત્યારબાદ કઇ જગ્યાએથી ખરીદવો તે નક્કી કરવાનું રહે છે. અહીં દરેક વેપારી વસ્તુના ગુણ, આકાર, વજન, પેકિંગ, ત્યારબાદની સેવાઓ વગેરેથી પોતાની વસ્તુને અન્યથી અલગ પાડવા પ્રયત્ન કરે છે. તેને વસ્તુ વિકલન સાથે સંબંધ ધરાવે છે. ત્યાં સુધી કે વેપારી તમને ઠંડુ પીણું કે ચા-કોફી વગેરે ઓફર કરે તો તમે એ જગ્યાએથી ખરીદી કરશો. તો એ પણ વસ્તુ વિકલનનો જ એક ભાગ છે.

આમ, વસ્તુ વિકલન એટલે કોઇ એક વસ્તુને અન્ય વસ્તુથી જુદી પાડવાની રીત કે પ્રયાસો વસ્તુ વિકલન આ રીતે સર્જાય છે : (અ) વસ્તુના વિશિષ્ટ લક્ષણો દ્વારા (બ) વેચાણની શરતો દ્વારા

**(અ) વસ્તુના વિશિષ્ટ લક્ષણો દ્વારા :** ઇજારાયુક્ત હરીફાઇમાં ઉત્પાદક દ્વારા ચીજવસ્તુઓના રૂપ, રંગ, આકાર, કદ, પેકિંગ વગેરેમાં ફેરફાર કરીને કરીને આ વસ્તુ અન્ય વસ્તુથી અલગ પ્રકારની છે, તેમ બતાવવા પ્રયત્ન કરે છે. એટલે કે વસ્તુની વિશિષ્ટઓ વધારવાનો પ્રયત્ન કરતા હોય છે.

**(બ) વેચાણની શરતો દ્વારા :** ગ્રાહકો જ્યારે વસ્તુની ખરીદી કરે છે ત્યારે પોતાની પસંદગી, રૂચિ, ટેવ, ફેશન વગેરેને ધ્યાનમાં લેતો હોય છે. એટલું જ નહિ પરંતુ અન્ય સેવાઓ પણ ખરીદતો હોય છે. દા.ત. વસ્તુઓની ફ્રી હોમ ડિલીવરી, ઉધાર માલ આપવો, સારું વર્તન માન-મોભો વગેરે બાબતો ધ્યાનમાં રાખીને ગ્રાહક વસ્તુઓ ખરીદવા પ્રયત્ન કરે છે.

### 9.3.2 પેઢીની સંખ્યા દ્રષ્ટિએ :

આપણે આગળ જોયું કે, પૂર્ણ હરીફાઇવાળા બજારમાં વેચનારની સંખ્યા અસંખ્ય હોય છે. ઇજારાવાળા બજારમાં એક જ વેચનાર હોય છે. જ્યારે ઇજારાયુક્ત હરીફાઇમાં પેઢીઓ મોટી સંખ્યામાં હોય છે.

### 9.3.3 વિક્રેતાઓની કિંમત પર કાબૂ

વસ્તુ વિભિન્નતાના કારણે ઇજારાયુક્ત હરીફાઇમાં દરેક વેપારી કેટલાંક અંશે ઇજારદારની સ્થિતિમાં હોય છે. ગ્રાહક રસ, રૂચિ, ટેવ ફેશન વગેરેના કારણે મન અમુક વસ્તુઓનો જ વપરાશ કરવાનો આગ્રહ રાખતા હોય છે. આથી કેટલેક અંશે ભાવ વધારો થાય તો પણ ગ્રાહકોની સંખ્યા ટકી રહે છે. ઇજારાયુક્ત હરીફાઇમાં ઉત્પાદકને વધુ વેચાણ કરવા કિંમતમાં ઘટાડો કરવો પડે છે. અહીં કિંમતમાં ઘટાડો થવાથી અન્ય પેઢીઓના ગ્રાહકો ત્યાં આકર્ષાશે. આમ વસ્તુની ગુણવત્તા કે અમુક જ પ્રકારની વસ્તુઓનો વપરાશ કરવાના આગ્રહના કારણે વસ્તુ વિભિન્નતા અને કિંમત ભેદભાવની આંશિક શક્યતાઓ અહીં જોવા મળે છે.

### 9.3.4 વેચાણ ખર્ચ

અહીં જાહેરાતના માધ્યમ દ્વારા પોતાની વસ્તુ બીજા કરતાં જુદી છે, તે બતાવવામાં આવે છે. (દા.ત. સાબુ, મોબાઇલ, મોબાઇલનું રીચાર્જ વગેરે) પૂર્ણ હરીફાઇમાં વસ્તુઓ સમાન ગુણી હોવાથી અને ઇજારામાં પેઢીઓનો પ્રવેશ નિયંત્રણ હોવાથી નજીકની અવેજી વસ્તુનો અભાવ હોવાના કારણે વેચાણ ખર્ચ કરાવવાની જરૂરત રહેતી નથી. પરંતુ ઇજારાયુક્ત હરીફાઇમાં એકબીજાની નજીકની વસ્તુઓ બનાવતી મોટી સંખ્યામાં પેઢીઓ હોવાથી વેચાણ ખર્ચ અનિવાર્ય બની જાય છે. દરેક વિક્રેતા વેચાણ ખર્ચ દ્વારા પોતાની વસ્તુ અન્ય વસ્તુ કરતાં ચઢિયાતી છે, તેવું બતાવવા પ્રયત્ન કરતાં હોય છે. દરેક વિક્રેતા વેચાણ ખર્ચ દ્વારા માંગ રેખાનું સ્થાન અને આકાર બદલવાનો પ્રયત્ન કરી લાભ મેળવવા પ્રયત્ન કરતાં હોય છે.

## 9.4 સારાંશ

ઇજારાયુક્ત હરીફાઇને અપૂર્ણ હરીફાઇ પણ કહેવામાં આવે છે, ઇજારાયુક્ત હરીફાઇ એ એવી બજાર વ્યવસ્થા હોય છે જેમાં ઉત્પાદકોની સંખ્યા એટલી મોટી હોય છે કે જેને લીધે દરેક ઉત્પાદક

કુલ બજારના અલ્પ ગણાય તેવા નજીવા હિસ્સા પર કાબૂ ધરાવતો હોય છે. જોકે આ બજારનો ઉત્પાદક પૂર્ણ હરીફાઈના બજારના ઉત્પાદકની જેમ વસ્તુની કિંમત પર અસર કરવાની બાબતમાં અસહાય કે લાચાર હોતો નથી. વાસ્તવિક રીતે જોવા જોઇએ તો બજારમાં કેટલેક અંશે હરીફાઇ અને કેટલેક અંશે ઉત્પાદક ઇજારો પણ ધરાવે છે. પરંતુ તે પોતાના બજારનો હિસ્સો જાળવી રાખવા. અસ્તિત્ત્વ ટકાવી રાખવા માટે પ્રયત્ન કરતો રહે છે. સાથે અન્ય નો હિસ્સો પણ પોતાના તરફ કરવાનો સતત પ્રયત્નશીલ બને છે.

## 9.5 અલ્પહસ્તક ઈજારો અને અર્થ

**અર્થ :** બજારમાં ઉત્પાદકોની સંખ્યાના માપદંડથી બજાર માળખાંની ઓળખાણ મહ્દઅંશે આપવામાં આવે છે. જો ઉત્પાદકોની સંખ્યા મોટી હોય તો તે પૂર્ણ હરીફાઇવાળું બજાર ગણવામાં આવે છે.

અલ્પહસ્તક ઇજારો એવું બજાર છે કે જેમાં થોડીક પેઢીઓ એકસરખી વસ્તુનું અથવા તો નજીકની અવેજીની વસ્તુનું ઉત્પાદન અને વેચાણ કરે છે. અલ્પહસ્તક ઇજારામાં ઉત્પાદકોની સંખ્યા એક કરતાં વધુ પરંતુ થોડીક વધુ (આઠ કે દસ) હોય છે. અલ્પહસ્તક ઇજારામાં વેચાણ કરતી પેઢી વસ્તુની કિંમત, ઉત્પાદનનું કદ, વસ્તુની ગુણવત્તા તથા વેચાણ પર અસર કરી શકે છે, જ્યારે ઇજારામાં ઉત્પાદન કરતી એકમાત્ર પેઢી અન્ય પેઢીઓના પ્રતિભાવની પરવા કર્યા વિના કિંમત, ઉત્પાદન અને વેચાણ પર અસર કરી શકતી હોય છે.

અલ્પ હસ્તક ઇજારો સંપૂર્ણ હરીફાઈ અને ઇજારાયુક્ત હરીફાઈથી એ રીતે જુદો પડે છે કે, સંપૂર્ણ હરીફાઈ અને ઇજારાયુક્ત હરીફાઈમાં પેઢીઓની સંખ્યા અસંખ્ય અને વધુ હોય છે. જ્યારે અલ્પહસ્તક ઇજારામાં પેઢીઓની સંખ્યા અલ્પ હોય છે. સિમેન્ટ, પોલાદ, ઓટોમોબાઇલ જેવા ઉદ્યોગો અલ્પ હસ્તક ઇજારાના ઉદાહરણો છે.

## 9.6 અલ્પહસ્તક ઈજારાના લક્ષણો

### 9.6.1 પેઢીઓની અલ્પ સંખ્યા

અલ્પહસ્તક ઇજારાના બજારમાં પેઢીઓની સંખ્યા અલ્પ (બે થી દસ જેટલી) હોય છે. અહીં થોડીક પેઢીઓ હોવાથી બજારમાં સ્પર્ધાઓ જોવા મળે છે. તેથી કુલ પુરવઠામાં નોંધપાત્ર હોય છે. આથી વ્યક્તિગત પેઢીના નિર્ણયોની બજાર પુરવઠા પર અને બજાર ભાવ પર પડે છે.

### 9.6.2 પરસ્પરાવલંબન

પૂર્ણ હરીફાઈ અને ઇજારામાં પેઢીઓ વચ્ચે પરસ્પરાવલંબન હોતું નથી. પૂર્ણ હરીફાઈમાં કોઇ એક પેઢીના નિર્ણયની અસર અન્ય પેઢીના વેચાણ અને નફા પર પડતી નથી. જ્યારે અલ્પહસ્તક ઇજારામાં કોઇ એક પેઢીના નિર્ણયની અન્ય પેઢીઓના નિર્ણય પર નોંધપાત્ર અસર પડતી હોય છે. પરિણામે આ પેઢીઓ વળતું પગલું લેવા પ્રેરાય અને તેના પરિણામે આખી પ્રક્રિયાનો આરંભ કરનાર પેઢીના વેચાણ અને નફા પર પડે છે. આ સ્થિતિમાં પ્રત્યેક પેઢીએ અન્ય પેઢીઓના વર્તન પર નજર રાખવી પડે છે. આથી પ્રત્યેક ઉત્પાદક આ બાબતથી સભાન હોય છે.

### 9.6.3 વેચાણ ખર્ચની અગત્યતા

પરસ્પરાવલંબનને લીધે વેચાણ ખર્ચ મહત્ત્વનું બની જાય છે. અહીં બજારમાં ટકી રહેવાં અને ઓળખ ઊભી કરવા વેચાણ ખર્ચ ફરજીયાત કરવો પડે છે.

### 9.6.4 માંગરેખા અનિર્ણિત

અલ્પહસ્તક ઇજારામાં પરસ્પરાવલંબનને કારણે પેઢીની કોઇ ચોક્કસ માંગરેખા હોતી નથી. જો કોઇ એક પેઢી પોતાની કિંમતમાં વધારો કે ઘટાડો કરે તો તેની અસર વેચાણ પર પડશે તે કહેવું મુશ્કેલી બને છે. કારણ કે અહીં હરીફ પેઢી પણ ભાવ વધારા કે ઘટાડાને અનુસરે કે ના પણ અનુસરે.

### 9.6.5 સંઘર્ષ અને સહકાર

અલ્પહસ્તક ઈજારામાં ઉત્પાદકો સંઘર્ષ અને સહકાર અંગે વિરોધી વલણો ધરાવે છે. તેમને એવી પ્રતીતિ થાય કે હરીફાઈથી નુકશાન થાય છે તો જોડાણ રચે, અને ભાવ તેમજ ઉત્પાદન સબંધી કચરો કરવામાં આવે પરંતુ, નફાની લાલચે કરાર ભંગ કે અથવા ચોરી-છુપીથી વધુ ઉત્પાદન અથવા ઓછો ભાવ સ્વીકારવા તૈયાર થાય. આ કારણોસર જ બજારમાં ટકી રહેવા માટે અલ્પહસ્તક ઈજારાદારો વિસ્મયકારક ગણાય તેવી સંગઠનાત્મક ગોઠવણોનો સહાલો લેતા હોય છે. તેવી ગોઠવણોમાંની એક કાર્ટેલ, બીજા જોડાણ અને ત્રીજા વલણ (Ring) આવા નામથી ઓળખાય છે. કાર્ટેલ એ એવી સંગઠનાત્મક ગોઠવણ હોય છે જેમાં માત્ર વસ્તુની કિંમત નક્કી કરવા પૂરતા જ ઉદ્દેશથી નહિ પરંતુ દરેક ઉત્પાદક માટે બજારની ફાળવણી કરવા માટે અલ્પહસ્તક ઈજારાની પેઢીઓ ભેગી થતી હોય છે. દા.ત. પેટ્રોલની કિંમત નિકાસ કરતા દેશોનું 'ઓપેક' (Opec) નામનું આંતરરાષ્ટ્રીય સંગઠન એ એક કાર્ટેલ છે.

### 9.6.6 ભાવજડતા

અલ્પહસ્તક ઈજારમાં ભાવ અમુક સપાટીએ સ્થિર રહે છે. કોઈપણ ઉત્પાદક ભાવ વધારો કે ઘટાડો કરી શકવાની હિંમત કરતો નથી. તેમને એ ભય હોય છે ભાવ વધારો કે ઘટાડાનું અનુસરણ કરે તો ભાવયુદ્ધ થઈ શકે, પરિણામે બધા જ ઉત્પાદકોને અંતે નુકસાન સહન કરવાનો વખત આવે. આથી લાંબા સમય સુધી અલ્પહસ્તક ઈજારામાં ભાવ અમુક સપાટીએ સ્થિર થવાનું વલણ ધરાવે છે.

## 9.7 સારાંશ

અલ્પહસ્તક ઈજારો એ અપૂર્ણ હરિફાઈનું એક વિશિષ્ટ સ્વરૂપ છે. અલ્પહસ્તક ઈજારો એટલે અલ્પસંખ્યક પેઢીઓ વચ્ચે સ્પર્ધાનું બજાર. અલ્પહસ્તક ઈજારામાં અન્ય બજારની માફક પેઢીએ કિંમત અને ઉત્પાદન અંગેનો નિર્ણય લેવાનું સરળ નથી. અલ્પહસ્તક ઈજારામાં પેઢીઓની સંખ્યા અલ્પ હોય છે તથા નજીકની વસ્તુ અથવા સમાનગુણી વસ્તુનું ઉત્પાદન તથા વેચાણ કરે છે. આ પેઢીઓ પરસ્પરાવલંબન ધરાવે છે. એક પેઢી વસ્તુની કિંમત કે ઉત્પાદન અંગે જે નિર્ણ લે તેનો પ્રતિભાવ અન્ય પેઢીઓ કેવો આવશે તે નક્કી કરવું મુશ્કેલ હોય છે.

## 9.8 દ્વિહસ્તક ઈજારો

ઈજારામાં એક જ પેઢી હોય છે જ્યારે દ્વિહસ્તક ઈજારો એટલે માત્ર બે ઉત્પાદકોવાળું બજાર કોઈ વસ્તુના ઉત્પાદનના કુલ પ્રમાણ ઉપર બે જ ઉત્પાદકો કાબૂ ધરાવતા હોય તો આવું બજાર દ્વિહસ્તક ઈજારાવાળું બજાર કહેવાય છે. દ્વિહસ્તક ઈજારાનો સૌ પ્રથમ ખ્યાલ કુર્નોટ નામના ગણિતશાસ્ત્રીએ આપ્યો હતો. તેમના મતે કોઈ એક વસ્તુના ઉત્પાદન ઉપર એક ઈજારાદાર કાબૂ ધરાવતો હોય ત્યારપછી ઉત્પાદન ક્ષેત્રે બીજો નવો ઈજારાદાર તે વ્તુના ઉત્પાદનમાં પ્રવેશે તો દ્વિહસ્તક ઈજારો અસ્તિત્ત્વમાં આવે છે. ઘણાં અર્થશાસ્ત્રીઓ દ્વિહસ્તક ઈજારાને અલ્પહસ્તક ઈજારાનો એક ભાગ ગણે છે.

### 9.8.1 દ્વિહસ્તક ઈજારાની ધારણાઓ

દ્વિહસ્તક ઈજારાવાળા બજાર માટેનું વિશ્લેષણ માટે કુર્નોટ આ પ્રકારની ધારણા કરે છે.

૧. બધા જ પુરવઠા ઉપર માત્ર બે જ ઉત્પાદકો અંકુશો ધરાવે છે.

૨. બંને ઉત્પાદકો એક જ પ્રકારની વસ્તુઓ વેચે છે.

૩. ખરીદનાર અસંખ્ય છે. વસ્તુની કિંમતથી ગ્રાહકો માહિતગાર છે.

૪. અન્ય ઈજારાદાર પોતાની માંગ રેખાથી પરિચિત છે.

૫. બન્ને ઈજારાદારની ઉત્પાદન ખર્ચ રેખાઓ સરખી છે.

સામાન્ય રીતે માત્ર બે જ ઉદ્યોગો હોય અને બંને એકસરખી વસ્તુનું ઉત્પાદન અને વેચાણ

કરતી હોય અને ગ્રાહકો અસંખ્ય હોય તો ઉત્પાદન અને ભાવનું નિર્ધારણ અનિશ્ચિત બની જાય છે. કારણ કે જો કોઇ એક પેઢી ઉત્પાદન અને ભાવમાં ફેરફાર કરે તો બીજી પેઢીના વેચાણ અને નફા પર તેની નોંધપાત્ર અસર પડશે અને વળતું પગલું લેવા પ્રેરાશે. આમ, આ પરિસ્થિતિમાં બંને પેઢીઓની અત્પાદન અને ભાવ અંગેની નીતિઓ પરસ્પર ગાઢ રીતે સંકળાયેલી છે. આથી દરેક પેઢીએ ઉત્પાદન અને ભાવ અંગે નિર્ણય કરતાં અગાઉ બીજી પેઢીના વેચાણ અને નફાની શક્ય અસરો ધ્યાનમાં રાખવી પડશે. બીજી પેઢીનો પ્રતિભાવ કેવા હશે તેની અટકળો કરવી પડશે.

### 9.8.2 સારાંશ

દ્વિઇજારાના આ ખ્યાલ પરથી સ્પષ્ટ થાય છે કે, વાસ્તવમાં દ્વિઇજારો ભાગ્યે જ જોવા મળે છે. તેમ છતાં સૈદ્ધાંતિક દૃષ્ટિએ દ્વિઇજારાનો ખ્યાલ ઉપયોગી નીવડે છે. દ્વિહસ્તક ઇજારા અને અલ્પહસ્તક ઇજારા વચ્ચે મૂળભૂત તફાવત નથી. જે દ્વિઇજારા માટે સાચું છે તે જ અલ્પહસ્તક ઇજારા માટે પણ સાચું છે.

હરીફાઈના આધારે બજારનાં જુદાં જુદાં મુખ્ય ત્રણ પ્રકારોનો અહીં અભ્યાસક્રમમાં સમાવિષ્ટ પૈકી પૂર્ણ હરીફાઈ એક સૈદ્ધાંતિક રીતે અસ્તિત્ત્વ ધરાવતું બજાર છે જેના થકી અન્ય બજારનું વિશ્લેષણ કરવા માટે મદદરૂપ બને છે. પૂર્ણ હરીફાઇ એક બજાર વ્યવસ્થાનો આદર્શ હોય તો ઇજારો એ જીવનની વાસ્તવિકતા છે. વાસ્તવિક જીવનમાં બજાર વિશેની સંપૂર્ણ માહિતી, ઉત્પાદનનાં સાધનોની મુક્ત હેરફેર માટેનાં અનુકૂળ સંજોગો વગેરે ઉપલબ્ધ હોતાં નથી અને તેથી આવા સંજોગો ઉપલબ્ધ હોય ત્યારે વ્યક્તિગત ઉત્પાદકો વસ્તુની કિંમત પર અસર કરવામાં જેટલાં અસમર્થ હોય છે તેટલી અસમર્થતા અન્ય સંજોગોમાં તેમને હોતી નથી. તેવી જ રીતે બજારમાં વિક્રેતાઓની સંખ્યા હંમેશા એટલી મોટી હોતી નથી કે જેનાથી દરેક ઉત્પાદક કુલ ઉત્પાદનના તદ્દન નજીવા ભાગ પર જ વર્ચસ્વ ધરાવતો હોય. દ્વિહસ્તક ઇજારો એટલે કોઇ એક વસ્તુના ઉત્પાદન ઉપર એક ઇજારાદાર કાબૂ ધરાવતો હોય ત્યાર પછી ઉત્પાદન ક્ષેત્રે બીજો નવો ઇજારાદાર તે વસ્તુના ઉત્પાદનમાં પ્રવેશે તો દ્વિહસ્તક ઇજારો અસ્તિત્ત્વમાં આવે છે. ત્યારબાદ ઉત્પાદનક્ષેત્રે હરીફોની સંખ્યા વધે તો અનુક્રમે અલ્પહસ્તક ઇજારો, ઇજારાયુક્ત હરીફાઇ અને અંતે હરીફોની સંખ્યા અતિશય વધી જતાં અમર્યાદિત હરીફાઈ અસ્તિત્ત્વમાં આવે છે.

## 9.9 શબ્દાવલી

- **અપૂર્ણ હરીફાઈ :** બજારની એવી પરિસ્થિતિ જેમાં ઉત્પાદક વસ્તુની કિંમત પર પોતાનો અંકુશ પ્રસ્થાપિત કરવાની ક્ષમતા ધરાવતો હોય.
- **ઇજારો :** એવું બજાર જેના પર કોઇ એક ઉત્પાદકનું સામાન્ય કરતાં ઘણું વધારે વર્ચસ્વ હોય છે અને તેથી તે પોતાનું ઉત્પાદન જે કિંમતે વેચવા માંગે છે તે કિંમત પર પણ તેનો કાબૂ હોય છે.
- **અલ્પહસ્તક ઇજારો :** એવું બજાર જેમાં ઉત્પાદકોની સંખ્યા એટલી જૂજ હોય કે તે વસ્તુની કિંમત પર અંકુશ દાખલ કરી શકતા હોય તથા તેના પર અસર કરી શકતા હોય.
- **ઇજારાયુક્ત હરીફાઇ :** એવું બજાર જેમાં ઉત્પાદક વસ્તુની કિંમત પર અસર કરી શકે છે. તે એટલા માટે નહિ કે ઉત્પાદક કુલ ઉત્પાદનમાંથી નોંધપાત્ર ગણાય તેટલા ઉત્પાદનનું વેચાણ કરે છે. પરંતુ એટલા માટે કે તે વસ્તુ વિકલન દ્વારા ઉત્પાદન કરે છે.
- **દ્વિહસ્તક ઇજારો :** કોઇ વસ્તુના ઉત્પાદનના કુલ પ્રમાણ ઉપર બે જ ઉત્પાદકો કાબૂ ધરાવતા હોય તો આવું બજાર દ્વિહસ્તક ઇજારાવાળું બજાર કહેવાય છે.
- **કિંમત ભેદભાવ :** ઇજારાની એવી સ્થિતિ જેમાં ઇજારાદાર એક જ વસ્તુ માટે એક જ બજારના જુદા જુદા ગ્રાહકો પાસેથી અથવા જુદા જુદા બજારના ગ્રાહકો પાસેથી અથવા એક જ વસ્તુના જુદા જુદા એકમો માટે એક જ ગ્રાહક પાસેથી જુદી જુદી કિંમત આકારતો હોય.
- **વસ્તુવિકલન અથવા વસ્તુ વિભિન્નતા :** જ્યારે ઉત્પાદક એક જ વસ્તુની ભિન્ન ભિન્ન ગુણવત્તા ધરાવતી વસ્તુનો પુરવઠો કરતો હોય.

- **ઉત્પાદન ખર્ચ :** વસ્તુના ઉત્પાદન માટે ઉત્પાદન દ્વારા કરવામાં આવતો ખર્ચ.
- **વેચાણ ખર્ચ :** વસ્તુના વેચાણને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવતો ખર્ચ.

## 9.10 તમારી પ્રગતિ ચકાસો :

### 9.10.1 નીચેના પ્રશ્નના ઉત્તરો ટૂંકમાં આપો.

1. ઈજારાયુક્ત હરીફાઈનો અર્થ સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

2. અલ્પહસ્તક ઈજારાનો ખ્યાલ સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

3. પૂર્ણ હરીફાઈ, ઈજારો તથા અલ્પહસ્તક ઈજારામાં શો તફાવત છે ?

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

4. 'વસ્તુ વિકલન' વિશે સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

5. દ્વિહસ્તક ઈજારાનો વિશે સમજાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................

....................................................................

....................................................................

**9.10.2 જોડકાં જોડો.**

| | | |
|---|---|---|
| (I) | જ્યારે ગ્રાહકો અને ઉત્પાદકોની સંખ્યા મોટી હોય | (અ) ઈજારાયુક્ત હરીફાઇ |
| (II) | અવેજી વસ્તુની ગેરહાજરી | (બ) પૂર્ણ હરીફાઇ |
| (III) | વેચાણ ખર્ચ | (ક) ઈજારો |

**3. નીચે આપેલ જુદા જુદા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરો :**

**(i) વસ્તુવિકલન કયા બજારનું વિશિષ્ટ લક્ષણ છે ?**

(a) ઈજારો (b) પૂર્ણ હરીફાઈ

(c) ઈજારાયુક્ત હરીફાઈ (d) દ્વિ-ઈજારો

**(ii) ઈજારાયુક્ત હરીફાઈ એટલે ..................... હરીફાઇ.**

(a) પૂર્ણ (b) અપૂર્ણ હરીફાઈ

(c) મર્યાદિત (d) શુદ્ધ

**(iii) અલ્પહસ્તક ઈજારામાં પેઢીની માંગ રેખા ............... હોય છે.**

(a) અનિર્ણિત (b) નિર્ણિત

(c) ઋણ ઢાળવાળી (d) ધન ઢાળવાળી

**(iv) દ્વિહસ્તક ઈજારામાં પેઢીઓની સંખ્યા**

(a) થોડીક હોય છે. (b) પાંચ હોય છે.

(c) બે હોય છે. (d) અનેક અથવા મોટી હોય છે.

**4. તમારી પ્રગતિ ચકાસોના જવાબો.**

**9.10.2 ના જવાબો.**

(i) – (b), (ii) – (c), (iii) – (a)

અપૂર્ણ હરીફાઈવાળા બજારો : iii, iv અને v

**8.10.3 બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નોના જવાબ :** (i) c (ii ) b (iii) a (iv) c

**4. સત્રાંત પ્રશ્નો :**

1. ઈજારાયુક્ત હરીફાઈનો અર્થ આપી તેના લક્ષણો સમજાવો.
2. ઈજારાનો ખ્યાલ સમજાવો. તેમજ ઈજારાના લક્ષણો સમજાવો.
3. ઈજારાયુક્ત હરીફાઈના ખ્યાલના સંદર્ભમાં 'વસ્તુ વિકલન' વિશે સમજાવો.
4. પૂર્ણ હરીફાઈ, ઈજારો તથા અલ્પહસ્તક ઈજારામાં શો તફાવત છે ?
5. અલ્પહસ્તક ઈજારા વિશે સમજાવો.
6. દ્વિહસ્તક ઈજારાનો ખ્યાલ સમજાવો.

**9.11 સંદર્ભો :**


1. ત્રિવેદી એચ.કે (2000), અર્થશાસ્ત્રનાં સિદ્ધાતો, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
2. અમીન, આર.કે (2001) મુલ્યના સિદ્ધાંતો યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.